ફરિયાદ દાખલ તારીખ :૧૪/૦૨/૨૪
રજીસ્ટર કર્યા તારીખ :૧૪/૦૨/૨૪
નિકાલ કર્યા તારીખ : ૧૪/૦૫/૨૬
સમય અવધિ : વર્ષ–માસ–દિવસ

---

**મહેરબાન ગઢડાના જયુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા(સ્વા.)**

---

ક્રિમી.કેસ.નંબર : ૬૮૬/૨૦૨૪.
આંક :– ૩૩

**ફરિયાદી:–** ભરતભાઈ રણછોડભાઈ સોરઠીયા.
તે એસ.બી.ફાયનાન્સના પ્રોપરાઈટર,
ધર્મે.હિન્દુ,ધંધો.વેપાર,રહે.ગોરડકા
તા.ગઢડા,જી.બોટાદ

**–: વિરૂધ્ધ :–**

**આરોપી :–** સુનીલભાઈ શીવરામભાઈ રોકીયા.
ધર્મે.હિન્દુ,ધંધો.મજુરી,રહે.સારંગપરડા નાનું,
તા.ગઢડા,જી.બોટાદ

**પ્રતિનિધિત્વ:–**
ફરીયાદી તરફે:–વિ.વકિલશ્રી ડી.વાય.દવે.
આરોપી તરફે:– વિ.વકિલશ્રી ડી.એ.માલવાણીયા.

---

**ગુનો :– નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ...**

---

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામના ફરીયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી હીરા ઘસવાનું મજુરી કામ કરે છે અને આ કામના આરોપી પણ હીરા ઘસવાનું મજુરી કામ કરતા હોય તેઓ એકબીજા ને ઓળખતા હોય મિત્રતા બંધાયેલ હતી,આરોપી ફરીયાદી પાસેથી અવાર નવાર ઉછીના નાણા લઈ જતા હતા અને સમયસર પરત પણ કરતા હતા,બાદ આ કામના આરોપીએ ઘરખર્ચ માટે

પૈસાની જરૂર હોય ઉછીના આપો હું તમને પગાર થયે પરત આપી દઈશ તેમ વિસ્વાસ આપી ફરીયાદી પાસેથી નાણા લઈ ગયેલ હતા,આ નાણા ફરીયાદીએ પરત માંગણા આરોપીએ તેઓના એકસીસ બેન્ક સમઢીયાળા શાખાનો ચેકનં.૦૩૫૯૬૯ તા.૧૮/૧૨/૨૩ રૂા.૨,૦૦,૦૦૦/–નો ફરીયાદીના નામ જોગ તેઓની હાજરીમાં સહી કરીને આપેલો જે ચેક ફરીયાદી દવારા તેઓના બેન્ક ઓફ બરોડા ભીમડાદ શાખામાં વસુલાત માટે નાખતા તા.૨૧/૧૨/૨૩ ના રોજ એકાઉન્ટ કલોઝના શેરા સાથે વણ ચુકવાયેલ પરત ફરેલ,આમ આરોપીને તેઓનું ખાતું બંધ હોવાની જાણ હોવા છતા ચેક આપેલ છે,જેથી ફરીયાદી દવારા આરોપીને વકીલશ્રી મારફતે તા.૧૦/૦૧/૨૪ ના રોજ નોટીસ આપેલ હતી જે નોટીસ તા.૧૩/૦૧/૨૪ ના રોજ આરોપીને મળી ગયેલ હોવા છતા ચેકની રકમ ભરપાઈ કરેલ ના હોય આરોપી દવારા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ તથા ઈ.પી.કોડની કલમ–૪૨૦ મુજબનો ગુન્હો કરેલ હોય હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) સદર ફરીયાદ ફરીયાદીએ રજુ કરતાં ફરીયાદ રજીસ્ટરે લેવામાં આવેલ અને આ કામના આરોપી સામે પ્રોસેસ કાઢવામાં આવેલ જેની બજવણી આરોપીને થતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદ તથા ફરીયાદ સાથે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો આપવામાં આવે છે ત્યારબાદ આરોપીની આંક–૦૫ થી પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુનાની કબુલાતનો ઈન્કાર કરતાં સદર કામે આરોપી સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામના ફરીયાદી તરફે આરોપી વિરૂઘ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **અનું નં...** | **મૌખિક પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | ફરીયાદી ભરતભાઈ રણછોડભાઈ સોરઠીયાની– સોગંદનામા પરની સરતપાસની જુબાની. | ૦૪ |

| **અનું નં...** | **દસ્તાવેજી પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | આરોપીએ આપેલ અસલ ચેકનં.૦૦૦૦૦૮ | ૨૪ |
| (૨) | રીટર્ન મેમો . | ૨૫ |
| (૩) | આરોપીને આપેલ નોટીસની ઓફીસ કોપી. | ૨૬ |
| (૪) | આરોપીને નોટીસ મોકલેલાની પોસ્ટની સ્લીપ. | ૨૭ |
| (૫) | આરોપીને નોટીસ મળ્યાની એકનોલેજમેન્ટ સ્લીપ . | ૨૮ |

(૪) બાદ આ કામે ફરીયાદી તર્ફે આંક–૩૭ થી વિશેષ કોઈ પુરાવો આપવા માંગતા નથી તેવુ પુરસીસથી જાહેર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) બાદ ફરીયાદી તથા આરોપીનો પુરાવો પુરો થયા બાદ સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેઓએ વિશેષ નિવેદનમાં જણાવે છે કે, અમો તદન નિર્દોષ છીએ,ફરીયાદીએ ખોટી હકીકતો ઉભી કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી ખોટી સહીઓ કરી આડકતરી રીતે ચેકની તફરચંડી કરી મેળવી લીધેલ છે,અમો ગરીબ વર્ગના વ્યકતી હોય તેઓની ઉપર સમગ્ર કુંટુબંબની ભરણ પોષણની જવાબદારી હોય દયા ભાવ રાખીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે તેમજ આરોપી તરફે બચાવમાં સાહેદ તપાસવા માગતા ના હોવાનું જાહેર કરેલ હોય આરોપી તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૬) બાદ આ કામના ફરીયાદી તરફે વકીલશ્રી દવારા આંક–૩૦ થી લેખીત દલીલ રજુ કરેલ છે જેમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુન્હો પુરવાર કરી શકેલ હોય આરોપીને મહતમ સજા કરવા અરજ કરેલ છે.

(૭) આ કામના આરોપી તરફે તેઓના વકીલશ્રી દવારા દલીલ કરેલ છે કે,આ કામના ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં તા.૦૯/૦૮/૨૩ ના રોજ રૂા.૬૦ હજાર આરોપીને ૧૪ % વ્યાજે આપેલ અને તે જ દિવસે આરોપી પાસેથી શાહુકાર હેઠળના નિયત ફોર્મમાં સહી કરાવેલ તેમજ લખાણ કરાવેલ અને તે મુજબ ચેક આપેલ હોવાનું જણાવેલ છે પરંતું આ કામના ફરીયાદી દવારા આવું કોઈ શાહુકાર ધારા હેઠળનું લાયસન્સ કે,લખાણ રજુ કરેલ નથી તેમજ આ ચેક પણ સીકયુરીટી પેટેનો હતો તેમ છતા તેનો નિયત સમયમાં ઉપયોગ કરેલ નથી અને સમયબાદમાં ઉપયોગ કરેલ છે કારણ કે ચેક તા.૦૯/૦૮/૨૩ ના રોજ આપેલ હતો તો તેનો ઉપયોગ ત્રણ માસમાં થઈ શકે પરંતું આરોપી દવારા આ ચેક તા.૧૮/૦૧/૨૪ ના રોજ બેન્કમાં વસુલાત માટે નાખેલ છે, ફરીયાદીની ફરીયાદમાં ચેકની તથા લખાણ કરેલાની તારીખમાં વિરોધાભાસ જણાય છે,આ કામે ફરીયાદી દવારા કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી કે જેના આધારે ફરીયાદી કે એસ.બી.ફાયનાન્સ દવારા નાણા ફરીયાદી ને આપેલ હોવાનું પુરવાર થઈ શકે,ફરીયાદી દવારા ચેકમાં પોતાનું નામ જાતે જ લખેલ હોવાનું સ્વીકારેલ છે જેથી આ ચેક માં ફરીયાદી દવારા ચેડા કરી દુરઉપયોગ કરવામા આવેલ છે.આ કામના ફરીયાદીના કેસ મુજબ આરોપીને નાણા એસ.બી.ફાયનાન્સ દવારા આપવામાં આવેલ હતા જયારે આ કામે રજુ થયેલ ચેકમાં ફરીયાદીનું નામ જણાવેલ છે જે નામ પણ ફરીયાદી દવારા જાતે લખવામાં આવેલ છે તેવા સંજોગોમાં ફરીયાદી દવારા ચેકનો દુરઉપયોગ કરેલાનું પુરવાર થાય

છે,આમઆ કામના ફરીયાદી દવારા સીકયુરીટી પેટે આપેલા ચેકનો દુરઉપયોગ કરેલ હોય જે બચાવ આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ હોય આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી ધ્વારા કાયદેસરના લેણા પેટે ફરીયાદીને બેન્ક ઓફ બરોડા નો ચેક નં .૦૦૦૦૦૮ નો કિ.રૂા.૬૦,૦૦૦/–નો તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજનો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા,ગઢડા શાખામાં વસુલાત માટે રજુ કરતા તા.૧૯/૦૧/૨૦૨૪ ના રોજ ફન્ડ ઈન્સફીસીયન્ટ ના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની નોટીસ આપેલ જે નોટીસ આરોપીને મળી ગયેલ હોય તેમ છતા આરોપીએ ચેકની રકમ ચુકવેલ ન હોય આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો ગુનો કરેલ છે. ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦)ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

(૧૧)મુદ્દા નંબર–૧ અને ૨..

આ કામે ફરીયાદીએ આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા રજુ કરેલ છે તેની ચર્ચા કરતા પહેલા ચેક અંગે જોઈએ તો ચેક એ ચોકકસ બેંકરને કરેલ હુકમ છે કે,વ્યકિતનું ખાતુ જે બેંકમા હોય તે બેંક ને પોતાના ખાતામાંથી અમુક ચોકકસ રકમ ચોકકસ વ્યકિત ને કે પોતાને ચુકવવાનો નિર્દેશ કરતો

હુકમ છે,બેંકર ( જેમની પાસે ડ્રોઅરનું ખાતુ હોય તે બેંકર ) ને જયાં સુધી ચેક નકારવાનું કોઈ કારણ ના હોય ત્યાં સુધી તેમણે ચેકની ચુકવણી કરવી પડે.આ બાબતે વધુ ચર્ચા કરતા પહેલા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ધ્યાને લેવી જરૂરી જણાય છે જે મુજબ,જયારે કોઈ વ્યકતી,

> સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે,અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નીભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ ચેક પરત કરે કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ કરતા વધુ છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યાનું ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ના આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે“..

પરંતુ એમ ઠરાવવામાં આવ્યુ છે કે, –

- – જે તારીખે ચેક લખ્યો હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત એ બંન્નેમાંથી જે વહેલી આવતી હોય, તેટલી મુદતની અંદર ચેક બેન્કમાં રજુ કરવામાં આવેલો હોય,
- – પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેન્ક પાસેથી તેની માહિતિ મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત માં નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચૂકવણી કરવા માટે માંગણી કરી હોય અને,
- – તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સામાં ચેકના ધારકને સદરહું નાણાંની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય.

સ્પષ્ટીકરણ :–

> આ કલમના હેતુ માટે “દેવું અથવા અન્ય જવાબદારી”એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આ કામે ફરીયાદીએ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો સાબીત કરવા આરોપીએ રકમ ચુકવવા માટે તેઓના ખાતાનો ચેક આપેલાની હકીકત પુરવાર કરવી પડે અને જો ફરીયાદી આ હકીકત પુરવાર કરે તો ફરીયાદીની તરફેણમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબનું અનુંમાન કે,અવેજ, તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલી નો સમય,શેરાઓના ક્રમ,ગુમ થયેલ વિનિયમપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક

ધારણકર્તા હોવાનું ઉપસ્થીત થાય અને જેની વિરૂધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી પર છે,તેવીજ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેતાં તેમાં પણ''જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુંમાન કરવામાં આવશે કે,ચેકના ધારકે એકટની કલમ–૧૩૮ માં જણાવેલ ચેક,કોઈ દેવું અથવા અન્ય જવાબદારી ને પુરેપુરી રીતે અથવા અંશત:ડીસ્ચાર્જ કરવા માટે મેળવ્યો હતો.''આમ વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુંમાન કરવામા આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મા દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે અને આવો વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવું અનુંમાન કરવામાં આવશે આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચુકવાયેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે,આમ એકટની કલમ–૧૧૮(એ) અને કલમ–૧ ૩૯ના અનુંમાનો એ કાયદાના અને ચોકકસ અનુંમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી.આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,આરોપીએ આવો વિરૂધ્ધનો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં  પણ આવવાની જરૂર રહેતી નથી એટલે કે અનુંમાનનું ખંડન આરોપી ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૨)આ હકીકત સાથે ફરીયાદીએ રજુ કરેલ પુરાવો ઘ્યાને લેતા આ કામે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં આરોપીને ધંધાર્થે નાણાની જરૂરીયાત હોય તા.૦૯/૦૮/૨૩ ના રોજ રૂ.૬૦ હજાર ૧૪ % ના વ્યાજે એક માસ માટે આપેલ હતા અને બાદમાં ફરીયાદીને બેન્ક ઓફ બેરોડાનો ચેક નં .૦૦૦૦૦૮ રકમ રૂ.૬૦,૦૦૦/–હજારનો આપેલ હતો જે ચેક ફરીયાદીએ તેઓની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ના ગઢડા શાખામાં તા.૧૮/૦૧/૨૪ ના રોજ નાખતા સદર ચેક ફન્ડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે તા.૧૯/૦૧/૨૪ ના રોજ વણચુકવાયેલ પરત આવેલ હતો જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની નોટીસ તા.૨૯/૦૧/૨૪ ના રોજ આપેલ હતી જે નોટીસ આરોપીને મળી ગયેલ હોય તેમ છતા આરોપી એ ચેકની રકમ ચુકવેલ ન હોય હાલની ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે કે,આ બાબત પુરવાર

કરવા ફરીયાદી તરફે આંક–૦૪ થી પોતાની સરતપાસની જુબાની આપેલ છે તેમાં પણ આ કામના આરોપીને ધંધાર્થે નાણાની જરૂરીયાત હોય નાણા આપેલા જેની પરત માંગણી કરતા આરોપી દવારા તેઓની સહી કરી ચેક આપવામાં આવેલ અને જે ચેક બેન્કમાં વસુલાત માટે નાખતા અપુરતા ભંડોળને કારણે વણચુકવાયેલ પરત ફરેલ હોવાનો સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી દવારા આ કામે દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે જેમાં આ કામે રજુ થયેલ આંક–૨૪ થી ચેકનં.૦૦૦૦૦૮ રજુ થયેલ છે જેની તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજથી છે જે ચેક ફરીયાદી દવારા તા.૧૮/૦૧/૨૪ ના રોજ તેઓના બેન્કના ખાતામાં નાખતા સદર ચેક તા.૧૯/૦૧/૨૪ ના રોજ અપુરતા ભંડોળના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ જે રીર્ટ મેમો આ કામે આંક–૨૫ થી રજુ થયેલ છે, જેથી ફરીયાદી દવારા નિયત સમયમાં તા.૨૯/૦૧/૨૪ ના રોજ આરોપીને ચેકના નાણા ચુકવી આપવા માટે વકીલશ્રી મારફતે નોટીસ આપેલ હતી આ નોટીસ આ કામે આંક–૨૬ થી રજુ છે સદર નોટીસ આરોપીને મળી ગયેલ હતી જે નોટીસ આરોપીને મળ્યાની એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે આંક–૨૮ થી રજુ કરેલ છે તેમ છતા નોટીસ સમયમાં આરોપી દવારા ચેકના નાણા નહી ચુકવેલ હોય હાલની ફરીયાદ કરેલ છે.આમ ફરીયાદીની જુબાની તથા સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજોને આધારે આ કામના આરોપી દવારા ફરીયાદીને આપેલ ચેક અપુરતા ભંડોળના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે.આમ ઉપરોકત પુરાવો ધ્યાનમાં લેતા આ કામના આરોપી દવારા ફરીયાદીની પાસેથી લીધેલ નાણા ચુકવવા માટે ચેક આપેલ હોવાનું તેમજ આ ચેક તેની સમયમર્યાદામાં વસુલાત માટે બેન્કમાં નાખેલ જે ચેક અપુરતા ભં ડોળના કારણોસર વણચુકવાયેલ પરત ફરેલ હોવાનું તેમજ આ અંગેની જાણ ફરીયાદી દવારા આરોપી ને નિયત સમયમાં નોટીસ આપી કરેલ હોવા છતા આરોપી દવારા નોટીસમાં જણાવેલ સમયમાં ચેકના નાણા ચુકવેલ ના હોય ફરીયાદી દવારા નિયત સમયમાં હાલની ફરીયાદી દાખલ કરેલ હોવાનું ફલીત થતુ હોય નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના અનુંમાનો કે આ ચેકની વિગતો તથા ફરીયાદવાળો ચેક આરોપી દવારા તેઓના કાયદેસરના લેણા માટે આપેલ હતો હોવાની હકીકત ફરીયાદીની તરફેણમાં ઉપસ્થીત થાય છે અને હવે જેનો ખંડનાત્મક પુરાવો આપવાનો બોજો આરોપી પર આવે છે.

(૧૩)આ કામના આરોપી તરફે આ કેસમાં બચાવ લેવામાં આવેલ છે કે,આ કામની ફરીયાદમાં તા.૦૯/૦૮/૨૩ ના રોજ રૂ.૬૦ હજાર આરોપીને ૧૪ % વ્યાજે આપેલ અને તે જ દિવસે આરોપી પાસેથી શાહુકાર હેઠળના નિયત ફોર્મમાં સહી કરાવેલ તેમજ લખાણ કરાવેલ અને તે મુજબ ચેક

આપેલ હોવાનું જણાવેલ છે પરંતું આ કામના ફરીયાદી દવારા આવું કોઈ શાહુકાર ધારા હેઠળ નું લાયસન્સ કે,લખાણ રજુ કરેલ નથી,ઈન્કમટેક્ષના તથા તેઓની પ્રોપરાઈટરશીપના કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી તેમજ ફરીયાદી દવારા ચેકમાં પોતાનું નામ જાતે જ લખેલ હોવાનું સ્વીકારેલ છે,આ કામના ફરીયાદીના કેસ મુજબ આરોપીને નાણા એસ.બી.ફાયનાન્સ દવારા આપવામાં આવેલ હતા જયારે આ કામે રજુ થયેલ ચેકમાં ફરીયાદીનું નામ જણાવેલ છે જે નામ પણ ફરીયાદી દવારા જાતે લખવામાં આવેલ છે,આ મુદા લગત આરોપીના વકીલશ્રી દવારા દલીલ પણ કરેલ છે કે,ફરીયાદી દવારા આવા દસ્તાવેજો રજુ કરેલ ના હોય રજુ  થયેલ ચેક ફરીયાદી ના કાયદેસર ના લેણા પેટે આપેલ હોવાનું કે ફરીયાદીનું કાયદેસરનું લેણું આરોપી પાસે હોવાનું પુરવાર થતું નથી અને તેવા સંજોગોમાં આરોપીની વિરૂધ્ધમાં કાયદાની કલમ–૧૧૮ કે કલમ–૧૩૯ મુજબ ના અનુંમાનોનું ખંડન કરેલ હોય તેઓની સામેનો ગુન્હો પુરવાર થઈ શકે નહી,જયારે આ કામના ફરીયાદી તરફે દલીલ કરેલ છે કે,ચેક રીટર્નના કેસમાં આવા દસ્તાવેજો રજુ કરવા જરૂરી નથી,આ અં ગે ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં તથા પુરાવાના સોગંદનામામાં તેઓ નાણા ધીરધારનો ધંધો કરતા હોવાનો અને શાહુકાર ધારા મુજબ નોધણી થયેલ હોવાનો તેમજ આરોપી દવારા નિયત ફોર્મ તથા કરાર કરી આપેલ હોવાનો મૌખીક પુરાવો આપેલ છે પરંતું આ કામે ફરીયાદ સાથે ઝેરોક્ષ નકલો રજુ કરવામાં આવેલ હતી અને આવા દસ્તાવેજો પુરાવાના કાયદાની જોગવાઈ મુજબ પુરવાર કરેલ ના હોય આવા દસ્તાવેજો આ કામે રજુ થયેલ નથી જો કે આ કામના ફરીયાદીની ઉલટતપાસમાં આરોપી તરફે ફરીયાદી એસ.બી.ફાસનાન્સ ના નામે નાણા ધિરધારનો ધંધો કરતા હોવાનો પ્રશ્ન પુછેલ છે જેનો જવાબ ફરીયાદી દવારા હકારમાં આપવામાં આવેલ છે,વધુમાં આરોપીને નાણા તેઓની બચત તથા કંપનીના પૈસામાંથી આપેલ અને આ ૬૦ હજાર બીજા ગ્રાહકોએ વ્યાજના આપેલ હોય તે હોવાનો પુરાવો આપેલ છે,વધુમાં આરોપી તરફેના વકીલશ્રી દવારા પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં ફરીયાદીની ઉલટતપાસમાં ચેક તા.૦૯/૦૮/૨૩ ના રોજ લીધેલ હોવાનો,આ ચેક સીકયુરીટી પેટે લીધેલ ના હતો પરંતું નાણા પરત લેવા માટે લીધેલ હતો,આરોપીને નાણા પરત કરવા માટે ફોનથી જાણ કરેલી હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે,વધુમાં આરોપી તરફે ચેક તેઓ એસ.બી.ફાયનાન્સ ના નામનો જ લઈ શકે તેવા પ્રશ્ના જવાબમાં ફરીયાદી દવારા પ્રોપરાઈટર ના નામનો પણ લઈ શકાય તેમ ખુલાસો કરેલ છે,આમ આ કામે રજુ થયેલ ચેક એસ.બી. ફાયનાન્સ ના નામનો નથી તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તો હવે આવી રીતે પ્રોપરાઈટરશીપ થી ધંધો કરતા હોય તો તેના પ્રોપરાઈટર પોતાના નામનો ચેક મેળવી શકે અથવા તો આવો ચેક પ્રોપરાઈટરશીપના

નામનો ના હોય તો તેનું કાયદેસરનું લેણુ ના માની શકાય કે નહી તેવી તકરારનો નિર્ણય કરવાનો રહે છે,આ મુદા ઉપર નામદાર સુપ્રિમોકોર્ટ દવારા **M/s Shankar Finance and Investments v. State of A.P. And Ors3**, ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> that payee is a proprietary concern, the complaint can be filed by the proprietor of the proprietary concern, describing himself as sole proprietor of the payee.

ઉપરોકત ચુકાદાની હકીકતો જોતા જેવી રીતે કંપની એકટની જોગવાઈ મુજબ કંપનીનું અલગ કાયદેસરની વ્યકતી ગણવામાં આવે છે જેઓ કંપનીના નામે કે તેઓની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે જયારે પ્રોપરાઈટરશીપમાં આમ હોતું નથી કારણ કે,આવી પ્રોપરાઈટરશીપનું કોઈ અલગ કાયદાકીય અસ્તીત્વ નથી તેનું અસ્તીત્વ તેઓના પ્રોપરાઈટર સાથે જ જોડાયેલું હોય છે અને નેગોશએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૪૨ માં પણ જેને નાણા ચુકવવાના હોય તે ફરીયાદ કરી શકે છે જે આ કેસમાં ફરીયાદીને મળવાના હોય તેઓ દવારા ફરીયાદ કરેલ છે,વધુમાં આ કામના આરોપી તરફે ચેકમાાં તેઓની સહી નહી હોવાનો કોઈ બચાવ લેવામાં આવેલ નથી તેઓ દવારા ચેક સીકયુરીટી પેટે આપેલ તેનો દુરઉપયોગ કરેલાનું જણાવેલ છે પરંતું આવો ચેક સીકયુરીટી પેટે આપેલાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરીયાદીની જુબાની જોતા આ કામના આરોપીએ ફરીયાદીને તેઓના ધંધાર્થે નાણાની જરૂરીયાત હોય એક માસ માટે ઉછીના નાણા આપેલ હતા જે નાણાની માંગણી કરતા આરોપી દવારા હાલના કેસ વાળો ચેક ઉછીના આપેલ નાણા પરત કરવા માટેના કાયદેસરના લેણા પેટે ચેક આપેલ હોવાનું પુરવાર થયેલાનું માની શકાય તેમ હોય આરોપી તરફેની પોતાની જાતે ચેકમા નામ લખેલ હોય આ કામના આરોપી દવારા ફરીયાદવાળો ચેક ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટેનો ના હોવાનો દલીલ પણ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. વધુમાં આરોપી તરફે ફરીયાદીએ દસ્તાવેજો રજુ નહી રાખેલ હોવાની તકરાર લીધેલ છે આ મુદા ઉપર આ કામના ફરીયાદી તરફે રજુ કરેલ **SANJABI TARI VS.KISHORE S.BORCAR - 2025(0)AIJEL-SC 75934** ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે,

> “NO DOCUMENTS AND/OR EVIDENCE LED WITH REGARD TO THE FINANCIAL INCAPACITY OF THE APPELLANT 22.
>
> It is pertinent to mention that in the present case, the Respondent No.1- Accused has filed no documents and/or examined any independent witness or led any evidence with regard to the financial incapacity of the AppellantComplainant to advance the loans in question. For instance, this Court in Rajaram S/o Sriramulu Naidu (Since

Deceased) Through LRs. vs. Maruthachalam (Since Deceased)Through LRs., (2023) 16 SCC 125 has held that presumptions under Sections 118 and 139 of the NI Act can be rebutted by the accused examining the Income Tax Officer and bank officials of the complainant/drawee."

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા હાલના કેસમાં પણ આરોપી દવારા આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તેમજ આ ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ ના હોવાનો કોઈ વિરૂધ્ધનો પુરાવો રજુ કરી શકેલ ના હોય તેમજ ફરીયાદીની આવકની અસમર્થતા અંગેનો પ્રાથમીક પુરાવો પણ આપેલ ના હોય માત્ર ઈન્કમટેક્ષના રીટર્ન,લાયસન્સ કે હીસાબો રજુ કરેલ ના હોવાથી ફરીયાદીની આરોપીને નાણા આપવાની સમર્થતા ના હોવાનું માની શકાય નહી જે સંજોગોમાં આરોપી તરફેની આરોપી ની વિરૂધ્ધમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ કે કલમ–૧૩૯ મુજબનું અનુંમાન થઈ શકે નહી અને આરોપી આવા અનુંમાનોનું ખંડન કરવામાં અસફળ રહેલ હોવાની આરોપી તરફેની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૧૪)આ કામના આરોપી તરફે આ કેસમાં બચાવ લેવામાં આવેલ છે કે,આ કામના આરોપીના ચેકનો દુરઉપયોગ કરવામાં આવેલ છે,ફરીયાદવાળા ચેકમાં તેઓની સહી નહી,આ ચેકની તફરચંડી કરવામાં આવેલ છે અને આ કામના આરોપી ને અદાલત દવારા તેઓના વધારાના નીવેદનમાં પણ આ ચેક બાબતે પ્રશ્ન પુછવામાં આવેલ છે જેમાં તેઓ દવારા ફરીયાદીને કોઈ ચેક નહી આપેલ હોવાનો તેમજ તેઓના ચેકની તફરચંડી કરી ખોટી રીતે ચેક મેળવી લઈ ખોટી સહી કરીને રજુ રાખેલ હોવાની ખુલાસો કરેલ છે પરંતું જો આરોપી દવારા ફરીયાદીને ચેક આપવામાં આવેલ ના હતો તો ફરીયાદી પાસે આ ચેક કેવી રીતે આવેલ તે બાબતે આરોપી તરફે કોઈ સ્પસ્ટતા કરેલ નથી અને આવી સ્પસ્ટતા કરવાનો બોજો તેઓની ઉપર છે કારણ કે,નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ જયારે ફરીયાદી પાસે આ ચેક છે તો આવો ચેક તેઓની પાસે કાયદેસરના લેણા પેટેનો હોવાનું કાયદા મુજબનુ અનુંમાન ઉપસ્થીત થાય છે જો કે આરોપી દવારા ચેકની તરફચંડી કરી ખોટી રીતે ચેક મેળવી લઈ ખોટી સહી કરીને રજુ રાખેલ હોવાની તકરાર લીધેલ હોય તો આ હકકીત પુરવાર કરવાનો બોજો તેઓની ઉપર આવે છે જે માટે તેઓ દવારા કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદીની ઉલટતપાસમાં પણ એવી કોઈ બાબત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેના આધારે ફરીયાદીએ રજુ કરેલ ચેક આરોપી પાસેથી ચેકની તરફચંડી કરી ખોટી રીતે ચેક મેળવી લઈ ખોટી સહી કરીને રજુ રાખેલ હોવાનું માની શકાય,તેમજ આ કામના ફરીયાદીએ તેઓને ચેકની રકમ ચુકવવા માટે ડીમાન્ડ નોટીસ આપેલ તેનો પણ તેઓએ જવાબ આપેલ નથી અને તેઓ દવારા

આવી નોટીસનો જવાબ આપી નાણા નહી લીધેલ હોવાનું કે ચેકમાં તેઓની સહી નહી હોવાની કે ચેકની તફરચંડી કરી મેળવીને દુરઉપયોગ કરેલ હોવાની તકરાર લેવાની તક જતી કરેલ છે,આમ આ કામે આરોપીને ફરીયાદ દાખલ કરતા પહેલા ડીમાન્ડ નોટીસ પણ આપવામાં આવેલી છે અને આ કામની હાલની ફરીયાદ પણ કાયદા મુજબ સમયમર્યાદાની અંદર દાખલ કરેલ છે,આમ ફરીયાદી એ પોતાની જુબાની તતર?ભ( દભ્દ ચ:?બ્ધથા રેકર્ડ પરના પુરાવાઓથી પોતાના કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુંમાનો આરોપી વિરૂધ્ધ લાગુ પડે છે તેવુ અત્રેની અદાલતને બતાવેલ છે,આમ આ કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુંમાનો મુજબ હવે આરોપીએ સદર અનુંમાનોનું ખંડન કરવાનું રહે અને જયારે આ કામના આરોપીએ ફરીયાદીને ચેક આપેલો ના હોય કે ચેક આપેલ ત્યારે તેઓના ખાતામાં ચેકની રકમ જેટલા નાણા જમા હોય તેવો કોઈ બચાવ તેઓ દવારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી,વધુમાં ફરીયાદીની જુબાની માં આરોપીને તેઓની હાજરીમાં ચેકમાં પોતાની સહી કરી આપેલ હોવાનો પુરાવો પડકારવામાં આવેલ ના હોય તથા આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તેનો ખુલાસો કરતો પુરાવો રજુ થયેલ ના હોય તેવા સંજોગોમાં માત્ર દલીલ કરવા માત્રથી તેઓની હકીકત માં તથ્ય હોવાનું માની શકાય તેમ નથી અને આ કામે કાયદા મુજબના ફરીયાદીએ તમામ પાસાઓ પુરવાર કરેલ હોય ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબના અનુંમાનો ઉપસ્થીત થતા હોય તે અં ગે વિરૂધ્ધનો પુરાવો કે અનુંમાનોને ખંડીત કરતો પુરાવો આપવાનો બોજો આ કામના આરોપી પર છે જે માટે આરોપી તરફે બેન્કના સાહેદને તપાસીને આવી વિરૂધ્ધની હકીકત રેકડૅ લાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતું આવો વિરૂધ્ધનો પુરાવો અદાલત દવારા ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.વધુમાં આ મુદા બાબતે નામદાર સુપ્રિમકોર્ટ દવારા પણ (૨) Bir Singh vs. Mukesh Parmar (LAWS SC 2019-2-45) માં પેરાનં.૩૬ તથા ૩૭ માં જણાવેલ છે કે,નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ચેક કાયદેસરના લેણા કે જવાબદારી માટે જ મળેલ છે તેમ માની લેવાનું રહે છે તેનાથી વિરૂધ્ધનો પુરાવો આપવાનો બોજો આરોપી ઉપર રહે છે,વધુમાં આ મુદા ઉપર નામદાર સુપ્રિમકોર્ટ દવારા આપવામાં આવેલ **SANJABI TARI VS.KISHORE S.BORCAR - 2025(0)AIJEL-SC 75934** નો ચુકાદો ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે,

"NO DOCUMENTS AND/OR EVIDENCE LED WITH REGARD TO THE FINANCIAL INCAPACITY OF THE APPELLANT 22. It is pertinent to mention that in the present case, the Respondent No.1- Accused has filed no documents and/or

examined any independent witness or led any evidence with regard to the financial incapacity of the AppellantComplainant to advance the loans in question. For instance, this Court in Rajaram S/o Sriramulu Naidu (Since Deceased) Through LRs. vs. Maruthachalam (Since Deceased)Through LRs., (2023) 16 SCC 125 has held that presumptions under Sections 118 and 139 of the NI Act can be rebutted by the accused examining the Income Tax Officer and bank officials of the complainant/drawee."

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા હાલના કેસમાં પણ આરોપી દવારા આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તેમજ આ ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ ના હોવાનો કોઈ વિરૂધ્ધનો પુરાવો રજુ કરી શકેલ ના હોય માત્ર હીસાબો કે ઈન્કમટેક્ષના દસ્તાવેજો રજુ કરેલ ના હોવાથી આરોપી તરફેની આરોપીની વિરૂધ્ધમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ કે કલમ–૧ ૩૯ મુજબનું અનુંમાન થઈ શકે નહી તેવી આરોપી તરફેની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૧૫)આમ આ કામના ફરીયાદી ની ફરીયાદ મુજબ આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આ કામના આરોપી દવારા ફરીયાદીને તેઓના કાયદેસરના ઉછીના લીધેલ નાણા ચુકવવા માટે ચેક આપેલ હોય જે ચેક નીયત સમયમાં વસુલાત માટે બેન્કમાં નાખતા અપુરતા ભંડોળના કારણોસર વણચુકવાયેલ પરત ફરેલ હોય અને જેથી ફરીયાદી એ સમયમાં આરોપીને ચેકની રકમ ચુકવી આપવા ડીમાન્ડ નોટીસ આપેલ હોય જે આરોપીને મળી ગયેલ છે તેમ છતા નોટીસ સમયમાં તેઓએ ચેકની રકમ નહી ચુકવીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું પુરવાર કરી શકેલ છે અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાન મુજબ તેમજ નામદાર સુપ્રિમકોર્ટ દવારા **RANGAPPA VS.SRI MOHAN - 2010(0)AIJEL-SC 48349** ના કેસમા ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી વિરૂધ્ધનો પુરાવો ન આપે,અગર તો ફરિયાદીનો પુરાવો વિસ્વસનીય રીતે રિબટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે તેવુ અનુંમાન થાય જયારે આ કેસમાં આરોપી દવારા પોતાના સહી ચેકમા નહી હોવા અંગેના બચાવમાં બેન્કના કોઈ સાહેદનો મૌખીક પુરાવો રજુ કરેલ નથી અને ફરીયાદીના તેઓની રૂબરૂ આરોપી દવારા સહી કરીને ચેક આપેલ હોવાના પુરાવા ને ઉલટતપાસમાં પડકારેલ નથી તેમજ આ કામે રજુ થયેલ રીર્ટન મેમોમાં પણ બેન્ક દવારા ચેકમાં સહી આરોપી ની નહી હોવાનો શેરો કરેલ નથી તેની જગ્યાએ અપુરતું ભંડોળ હોવાનું જ કારણ દર્શાવેલ છે જેથી પુરાવા દરમિયાન લેવામા આવેલ ઈન્કાર અગર તો દલીલમાં લીધેલ કથન આરોપીનો ખંડનાત્મક પુરાવો ગણી શકાય નહી,વધુમા હાથ

ઉપરના કેસમા આરોપી એ ફરિયાદીને કાયદાની કલમ–૧૩૮ અન્વયેની નોટિસનો જવાબ આપેલ નથી જેથી બચાવમા લીધેલ કથનો માત્ર પાછળથી ઉભા કરેલા ઔપચારીક વિધાનો છે,હાલના કેસમાં આરોપીનો બચાવ એ ફકત કથનો છે તેને સુસંગત કોઈ પુરાવો કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે જેના આધારે રજુ થયેલ ચેક આરોપીએ ફરીયાદીને તેઓના બાકી લેણા ચુકવવા માટે નહી આપેલ હોવાનું પુરવાર થતુ ના હોય અને સહી અંગેનો,ચેક ફરીયાદી પાસે તફરચં ડીથી આવેલ હોવાનો આરોપી તરફેનો બચાવ પણ ગ્રાહય રાખવાપાત્ર જણાતો નથી,આમ ઉપરોકત તમામ કારણોસર ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામાં તેમજ ફરીયાદીની તરફેણમાં કાયદામાં જણાવેલ અનુંમાનોનું ખંડન કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ ગયેલ હોય આ કામના આરોપી વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિશંકપણે પુરવાર થતુ હોય ન્યાયના હિતમાં મુદાનં.૧ નો નિર્ણય હકારમાં આપી મુદા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી:સુનીલભાઈ શીવરામભાઈ રોકીયા રહે.સારંગપરડા નાનું,તા.ગઢડા , જી.બોટાદને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૨૫૫(ર)હેઠળ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામના આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય તેઓની સામેનો કેસ વોરંટ ટ્રાયેબલ ના હોય કાયદા મુજબ આરોપીને સજા બાબત સાંભળવા જરૂરી નથી પરંતું કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ આરોપીને સાંભળવાની તક આપવામાં આવે તો ન્યાયનું હીત જળવાય તેમ હોય સજા અંગે સાંભળવા મુલતવી રાખવામાં આવેલ છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૪/૦૫/૨૦૨૬
સ્થળ:–ગઢડા

( હિતેશકુમાર અમરભાઈ મકા)
જયુડી.મેજી. ફ.ક.ગઢડા
Judge Code No-GJO1459

(૧૬)આ કામના આરોપીની સજા અંગે સાંભળવા કામ રાખવામાં આવેલ છે અને ફરીયાદી તથા આરોપીના વિ.વકીલશ્રીને સજા અંગે સાંભળેલ છે.

---

આ કામના આરોપીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા તેઓએ એવી દલીલ કરે છે કે,ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં આરોપી નો સૌ પ્રથમ ગુન્હો છે,આરોપી કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી અને આરોપી સ્ત્રી હોય તેમજ ગરીબ ઈસમ કમાનાર એકજ વ્યકતી છે,આમ ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લઈ આરોપીને ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે,

આ કામના ફરીયાદીના વકીલશ્રી દવારા રજુઆત કરેલ છે કે,આ કામના આરોપી દવારા ફરીયાદી સાથે આર્થીક ગુનહો આચરેલ છે જે અદાલતમાં પુરવાર થયેલ છે જેથી હાલના સમયમાં આવા ગુન્હાનું પ્રમાણ જોતા સમાજમાં દાખલો બેસાડવા માટે વધુમાં વધું સજા કરવા અરજ કરેલ છે.

આ કામના આરોપી તરફેની રજુઆત ધ્યાને લેતાં આરોપીની વિરૂધ્ધમાં આ અગાઉ ગુનામાં સંડોવાયેલ હોય તેવુ ફરીયાદપક્ષે જણાવેલ નથી,આમ આ આરોપી સૌ પ્રથમ ગુન્હો છે તથા તેમનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી વધુમાં શિક્ષાની જે વિવિધ વિચારસરણીઓ છે તેમાંની એક વિચારસરણીએ સુધારાત્મક વિચારસરણી છે સુધારાત્મક વિચારસરણીનો મુખ્ય હેતુ એ છે કે,ગુન્હેગારો જન્મથી જ ગુનેગાર હોતા નથી પરંતુ ખાસ સંજોગો વ્યકિતને ગુન્હો કરવા પ્રેરીત કરે છે તે સંજોગોમાં ઘણીવાર એવા હોય છે કે,સામાન્ય વ્યકિત તે સંજોગો ઉપર કાબુ મેળવી શકતી નથી અને ગુનો કરી બેસે છે પરંતુ વાસ્તવમાં તેવી વ્યકિતનો હકીકતમાં કોઈ ગુન્હો કરવાનો ઈરાદો કે હેતુ હોતો નથી પરંતું હાલના કેસની હકીકત જોતા આરોપીએ કોઈ આકસ્મીક સંજોગોમા ઉશ્કેરાટમાં ગુનો કરેલાનું જણાતુ નથી,વધુમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવતા હોઈ આખરી હુકમ કરતાં પહેલાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપવા પાત્ર છે કે કેમ તે હકીકત ધ્યાનમાં લેવી પડે અને આ કામના આરોપીએ આર્થિક ગુનો કરેલ છે અત્યારના પ્રવર્તમાન સમયમાં ધંધાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આધારીત છે મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેં કને ચેક આપે તો તે ચેકનું અવમુંલ્યન થવું જોઈએ નહી ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુંલ્યન થયેલ છે અને તેની કોઈ કીંમત રહેલ નથી એટલા માટે જ ચેક પરત ફર્યાની

ફરીયાદના આવા આર્થીક ગુન્હામાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપી શકાય નહી,આમ ઉપર મુજબ તમામ હકીકત અને ચર્ચા જોતાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપવા પાત્ર થતો ના હોય પરંતું આરોપી સ્ત્રી હોય તે બાબત સજા કરતા સમયે ઘ્યાનમાં રાખી કાયદાની જોગવાઈ તથા ચેકની રકમ ઘ્યાનમાં લેતાં આરોપી ને કાયદા મુજબની યોગ્ય સજા કરવી જરૂરી હોય તેમજ ફરીયાદીને થયેલ નુકસાનની તમામ હકીકતો અને ચર્ચા લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી:સુનીલભાઈ શીવરામભાઈ રોકીયા રહે.સારંગપરડા નાનું,તા.ગઢડા ,જી.બોટાદ ને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૨૫૫(૨)હેઠળ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૫૭ મુજબ ચેકની રકમ રૂા.૬૦,૦૦૦/–ફરીયાદીને દીન–૩૦ માં વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી આ રકમ નીયત સમયમાં ચુકવામાં નિષ્ફળ જાય તો વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ ટ્રાયલ દરમ્યાન જો કાચા કામના કેદી તરીકે સજા ભોગવેલ હોય તો સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીના જામીન ખત રદ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૩ મુજબ વિના મુલ્યે હુકમની નકલ પુરી પાડવી.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:–૧૪/૦૫/૨૦૨૬
સ્થળ:–ગઢડા

( હિતેશકુમાર અમરભાઈ મકા)
જ્યુડી.મેજી. ફ.ક.ગઢડા
Judge Code No-GJO1459